ઔદ્યોગિક ઉત્પાદનના નિરાશાજનક આંકડા

નવી દિલ્હી, તા.૧૧

દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડામા તીવ્ર ઘટાડો થયા બાદ આ અંગે નારાજગી વ્યક્ત કરતા નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે વૈશ્વિક માંગમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. મૂડીરોકાણની પ્રવૃતિની આઈઆઈપી પર અસર થઈ છે. આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા પ્રણવ મુખર્જીએ કહ્યુ હતુ કે આઈઆઈપીના આંકડા નિરાશાજનક છે. સતત નબળા વૈશ્વિક કારોબારની સ્થાનિક ખાનગી મૂડીરોકાણમાં રિકવરી ઉપર માઠી અસર થઈ છે. ઈન્ડેક્ષ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી) દ્વારા ગણવામા આવતા ફેક્ટરી ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ઔદ્યોગિક ઉત્પાદન માર્ચ ૨૦૧૨માં શૂન્યથી ૩.૫ ટકા નીચે પહોંચી ગયુ છે. ઓદ્યોગિક ઉત્પાદન પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચતા નવી ચિંતા દેખાઈ રહી છે. ગયા વર્ષે માર્ચ મહિનામાં આઈઆઈપી ઔદ્યોગિક દર ૯.૪ ટકા હતો. આરબીઆઈનુ નાણાકીય વલણ હાલમાં બદલાય તેવો કોઈ સંકેત પ્રણવે આપ્યો નથી. વાર્ષિક આધાર

મંદીના સ્પષ્ટ સંકેત...

- ઔદ્યોગિક ઉત્પાદન માર્ચ ૨૦૧૨માં શૂન્યથી ૩.૫ ટકા ઘટ્યો
- મેન્યુફેક્ચરીંગ અને કેપિટલ ગુડસ સેક્ટરમાં ઉલ્લેખનીય ઘટાડો
- ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ૨.૮ ટકાની નિરાશાજનક સપાટીએ
- ખાણ સેક્ટરમાં વૃદ્ધિદરમા પણ ઘટાડો
- મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં વૃદ્ધિદર ૨.૯ ટકા
- ઈન્ડેક્ષમાં ૭૫ ટકા યોગદાન આપનાર મેન્યુફેક્ચરીગ ક્ષેત્રમા માર્ચમાં એકદંરે ઉત્પાદનમાં ૪.૪ ટકાનો ઘટાડો
- કેપિટલ ગુડસ સેક્ટરમાં વૃદ્ધિદર શૂન્યથી ૨૧.૩ ટકા નીચે
- કન્ઝયુમર ઉત્પાદનના ઉત્પાદનમાં વૃદ્ધિદર માર્ચમાં ૦.૭ ટકા
- વીજળી ઉત્પાદનમા માર્ચ દરમિયાન ૨.૭ ટકાનો વધારો
- મધ્યમ ઉત્પાદકોનો વૃદ્ધિદર શૂન્યથી ૨.૧ ટકા ઘટ્યો

પર આઈઆઈપીમાં ખૂબ જ ઓછો વધારો રહ્યો છે. આજે જારી કરવામા આવેલા આંકડામા દર્શાવવામા આવ્યુ હતુ કે આદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૮.૨ ટકાની સામે ૨.૮ ટકા રહ્યો છે. જે ખૂબ જ નબળા આંકડા સુચવે છે. પ્રણવે કહ્યુ હતુ કે જાન્યુઆરી-માર્ચના ગાળામા મેન્યુફેક્ચરીંગ ઉત્પાદનને વધારવાની બાબત પડકાર રૂપ બની ગઈ હતી. આઈઆઈપીના આંકડા અંગે ચિંતા વ્યક્ત કરતા વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ કહ્યુ હતુ કે તેઓ આ મહિનામાં જ નિકાસકારો સાથે મીટિંગ યોજશે અને વૈશ્વિક માંગમાં મંદીની અસરને ઘટાડવાના પાસા ઉપર ચર્ચા કરશે. મૈન્યુફેક્ચરીંગ સેક્ટરમા ઉત્પાદન માર્ચ ૨૦૧૧માં ૧.૩ ટકા રહ્યુ છે. જ્યારે ગયા વર્ષમાં જુદી સ્થિતિ હતી. શર્માએ સ્થાનિક ઉત્પાદન અને ડોલર ક્રેડિટના મામલે આરબીઆઈને કેટલીક સુચના આપી છે. પ્રધાને કહ્યુ હતુ કે નિકાસકારો સાથે ચર્ચા કર્યા બાદ સરકાર નિકાસકારોને જરૂરી સહાય આપવાના સંબંધમાં વિચારણા કરશે. આરબીઆઈ દ્વારા કઠોર નાણાકીય નીતિ હાલમા અપનાવામા આવેલી છે.

બેરોજગારી ભથ્થા સંદર્ભે અખિલેશની અંતે ગુલાટ

લખનૌ, તા.૧૧

ઉત્તર પ્રદેશમાં ચૂટણી પહેલા આપવામા આવેલા વચનથી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ ફરી ગયા છે. બેરોજગારી ભથ્થાના મામલે મુખ્યમંત્રી અખિલેશ યાદવ વચનથી ફરી જતા કેટલાક લોકોમા નારાજગી જોવા મળી રહી છે. ઉત્તર પ્રદેશ કેબિનેટે હવે નિર્ણય કર્યો છે કે સમાજવાદી પાર્ટીની સરકાર તમામ બેરોજગારોને ભથ્થા આપશે નહીં. કેબિનેટના નિર્ણય મુજબ ઉત્તર પ્રદેશમાં ૩૦થી ૪૦ વર્ષ સુધી વયના લોકોને જ બેરોજગારી

ભથ્થાની ચુકવણી કરવામા આવશે આના માટે ઓછામા ઓછા હાઈસ્કૂલ (૧૦મું પાસ)ની લાયકાત જરૂરી રહેશે. એમ માનવામા આવે છે કે બેરોજગારી ભથ્થા મેળવવા માટે પણ ઘણા દસ્તાવેજો આપવા પડશે આના માટે આવાસ પ્રમાણપત્ર, આવકના પ્રમાણપત્ર, વયના પ્રમાણ પત્રની સાથે સાથે મનરેગા અથવા તો આવી કોઈપણ યોજનાથી લાભ ન લેવાની બાબત પણ સામેલ રહેશે. ઉત્તર પ્રદેશ સરકારના આ નિર્ણયને લઈને મોટી સંખ્યામા બેરોજગારોમા નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. હાલમા યોજાયેલી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ શાનદાર જીત મેળવી હતી જ્યારે બહુજન સમાજ પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હતો. ચૂટણી પ્રચાર દરમિયાન સમાજવાદી પાર્ટીએ તમામ બેરોજગારી ભથ્થાની ચુકવણી કરવાનુ વચન આપ્યુ હતુ. પરંતુ હવે અખિલશ સરકાર તેમના વચનથી ફરી ગઈ છે.

યેદીયુરપ્પા સામે તપાસનો સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી,તા.૧૧

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પાની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. સમગ્ર દેશને હચમચાવી મૂકનાર આયરન ઓર માઈનીંગ કૌભાંડમાં તેમની ભૂમિકા બદલ યેદીયુરપ્પા સામે સીબીઆઈ તપાસનો આજે સુપ્રીમ કોર્ટે આદેશ આપતા તેમના ચાહકોને પણ મોટો ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે યેદીયુરપ્પા સામે પ્રાથમિક તપાસ અહેવાલની નોંધણી માટે પર્યાવરણ પેનલના સીઈસીના અહેવાલનો ઉપયોગ કરવા સીબીઆઈને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કોર્ટ તરફથી વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી આ કેસને હાથ ધરી રહેલા અથવા તો સુનાવણી ચલાવતી રહેલી તમામ કોર્ટને કાર્યવાહી રોકી દેવા સુચના આપી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને યેદીયુરપ્પા માટે મોટા ફટકા તરીકે ગણવામાં આવે છે. યેદીયુરપ્પા છેલ્લા ઘણા સમયથી કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે તેમની ફેર નિમણૂંક કરવા રજૂઆત કરી રહ્યા હતા. યેદીયુરપ્પા સામે ગેરરીતિનો આરોપ પણ મૂકવામાં આવી ચૂક્યો છેક. જસ્ટિસ એસએચ કાપડીયાના

નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે આ આદેશ કર્યો હતો. સુપ્રીમની બેંચે ઉજી ઓગસ્ટ સુધી તેમની સમક્ષ અહેવાલ રજૂ કરવા સીબીઆઈને સૂચના આપી છે. રાજ્યના માઈનીંગ કૌભાંડમાં યેદીયુરપ્પાની ભૂમિકામાં તપાસ કરવા સીબીઆઈને કહેવામાં આવ્યું છે. સેન્ટ્રલ પાવર્ડ કમીટિ દ્વારા કરવામાં આવેલી ભલામણને સ્વીકારી લઈને સુપ્રીમ કોર્ટે એવા આક્ષેપોમાં તપાસ કરવા સીબીઆઈને કહ્યું છે કે યેદીયુરપ્પાના નજીકના પરિવારના સભ્યો દ્વારા મેનેજ કરવામાં આવતા પ્રેરણા ટ્રસ્ટને માઈનીંગ કંપની તરફથી જંગી રકમ મળી હતી. યેદીયુરપ્પાએ તરફેણ કર્યા બાદ આ માઈનીંગ કંપની તરફથી આ અભૂતપૂર્વ રકમ પરિવારને આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે જ્યાં સુધી વધુ આદેશ ના આવે ત્યાં સુધી ભાજપના આ નેતા સામે અન્ય કોઈપણ કોર્ટમાં તમામ કાર્યવાહી ઉપર સ્ટે મૂકી દીધો છે. લિંગાયત સમુદાયના નેતા છેલ્લા ઘણા સમયથી ગેરરીતિના મામલે સંકંજામાં છે. તેના અહેવાલમાં સમીતિએ કટકી લેવાનો આક્ષેપ કર્યો હતો. માઈનીંગ કોર્પોરેટ પાસેથી તેમના પરિવારના સભ્યોને કટકી મળી હતી. પેનલે કહ્યું હતું કે પરિવારના લાભ માટે ચોક્કસ જમીન સોદાબાજી થઈ હતી. જેથી સીબીઆઈ તપાસ થવી જોઈએ. કોર્ટની પેનલે ભલામણ કરી હતી કે બેંગ્લોર ડેવલોપમેન્ટ લેન્ડ ઓથોરીટી મામલે નોટિફિકેશનને રદ કરવામાં આવે તે જરૂરી છે. દરમ્યાન યેદીયુરપ્પાએ સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે પોતાની પ્રતીક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે વર્ષ ૨૦૦૦ બાદથી આ મામલામાં તપાસ કરવા વડાપ્રધાનને તેઓ અપીલ કરે છે. મૈસુરમાં એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા યેદીયુરપ્પાએ સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે પ્રતિક્રિયા આપી હતી. રાજકીય કાવતરા તેમની સામે ઘડવામાં આવી રહ્યા છે. ગેરકાયદે માઈનિંગ કૌભાંડમાં તેમને ફસાવી દેવામાં આવ્યા છે. સુપ્રીમના ચુકાદા અંગે તેઓએ નારાજગી વ્યક્ત કરી ન હતી.

રજી કાંડમાં રાજાની જામીન પર ચુકાદો ૧૫મી એપ્રિલ સુધી મોકુફ

નવી દિલ્હી,તા. ૧૧

ખાસ સીબીઆઈ અદાલતે આજે ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજાની જામીન અરજી પર ચુકાદો ૧૫મી એપ્રિલ સુધી મોકુફ કરી દીધો હતો. આનો મતલબ એ થયો કે રાજાને હજુ પણ જેલમાં રહેવાની ફરજ પડશે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર રજી સ્પેક્ટ્રમ ફાળવણી કોભાંડ કેસમાં રાજા હાલમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ધરપકડ કરી લેવામાં આવ્યા બાદથી રાજા કસ્ટડીમાં છે. સીબીઆઈ દ્વારા કોર્ટમાં રાજાની જામીન અરજીનો વિરોધ કરવામાં આવ્યો છે. રાજાએ તેમની ધરપકડ કરાયાના ૧૫ મહિના બાદ બુધવારના દિવસે તેમની જામીન માટેની પ્રથમ અરજી કરી હતી. ડીએમકેના સાંસદે એવા આધાર પર જામીન અરજી કરી હતી કે અન્ય ૧૩ આરોપીને જામીન મળી ચુક્યા છે. સુપ્રીમ કોર્ટ, દિલ્હી હાઈકોર્ટ અને ખાસ અદાલત દ્વારા આરોપીઓને જામીન આપી દેવામાં આવ્યા છે. ગયા વર્ષે બીજી ફેબ્રુઆરીના દિવસે તેમની સાથે ધરપકડ કરવામાં આવેલા ભૂતપૂર્વ ટેલિકોમ સચિવ સિદ્ધાર્થ બેહુરાને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન મળી ગયા બાદ રાજાએ જામીન માટે અરજી કરી હતી. રાજાએ તેમની જામીન અરજીમાં કહ્યું હતું કે તેઓ નિર્દોષ છે. તેમની સામે કેસ બોગસ છે. આ કેસમાં રાજા જ એકમાત્ર એવા આરોપી છે જે આરોપીને હજુ સુધી જામીન આપવામાં આવ્યા નથી. રાજા ઉપરાંત ડીએમકેના સાંસદ કાનીમોઝી, બેહુરા, રાજાના ભૂતપૂર્વ ખાનગી સચિવ આરકે ચંડોલિયા અને કાર્પોરેટ કારોબારી સ્વાન ટેલિકોમના પ્રમોટર શાહીદ ઉસ્માન બલવા અને વિનોદ ગોઈન્કા, યુનિટેક લિમીટેડના એમડી સંજય ચન્દ્રા અને રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના કારોબારી ગૌતમ દોશી, સુરેન્દ્ર પિપારા અને હરિ નાયર આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે.

પ્લાસ્ટિક પાઉચમાં ગુટખાની નિકાસની માંગણી ફગાવાઈ

નવી દિલ્હી, તા.૧૧

ગુટખા અને પાન મસાલાના છુટક વેચાણ માટે પ્લાસ્ટિક બેગનુ ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યાના એક વર્ષબાદ સુપ્રીમ કોર્ટે આજે તમાકુ પેદાશોની નિકાસ માટે પ્લાસ્ટિક કન્ટેનરોના ઉપયોગની પરવાનગી માટેની ઉદ્યોગ જગતની અપલીને ફગાવી દીધી હતી. પ્લાસ્ટિક પાઉચમાં ગુટખા અને પાન મસાલા નિકાસ કરવા માટેની માંગણી કરવામા આવી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે ફરી આક્રમક વલણ અપનાવી અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ જીએસ સિંઘવી અને એસજે મુકોપાધ્યાયની બનેલી બેંચે બાબા ગ્લોબલ લિમિટેડ દ્વારા દાખલ કરવામા આવેલી અરજીને ફગાવી દીધી હતી. પાનમસાલા અને અન્ય આવી ચીજવસ્તુઓની નિકાસ માટે પ્લાસ્ટિક પાઉચનો ઉપયોગ કરવાની મંજૂરી અરજીમા માંગવામા આવી

હતી. મેન્યુફેક્ચરરે એવી દલીલ કરી હતી કે પેપરમાં પેક કરવામા આવતા ગુટખા અને પાનમસાલા નિકાસ માટે સાનુકૂળ નથી. બેંચે પર્યાવરણ મંત્રાલય દ્વારા ટેસ્ટીંગ માટે તેમના પ્રોડક્ટના સેમ્પલ રજૂ કરવા મેન્યુફેક્ચરરને સૂચના આપી હતી. એડિશનલ સોલિસીટર જનરલ મોહન પ્રસારણે માહિતી આપી હતી કે મેન્યુફેક્ચરરે પેપર પાઉચમા તેમની પ્રોડક્ટના સેમ્પલો આપ્યા નથી. બદલામા પ્લાસ્ટિક જારમા પેક કરવામા આવેલી ચીજવસ્તુઓ રજૂ કરી છે. દરમિયાનમાં પર્યાવરણ અને બંને મંત્રાલયના ડિરેક્ટર મનોરંજન હોટાએ કહ્યુ હતુ કે પેપર પેકેજીંગ પાન મસાલાના નિકાસના હેતુ માટે યોગ્ય છે કે કેમ તે અંગે ટેસ્ટીંગ કરવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ૧૧મી મેના દિવસે જસ્ટિસ સિંઘવીના નેતૃત્વમા બેંચે પાન મસાલા, તમાકુ, ગુટખાના ઉત્પાદકોને કોઈપણ રીતે પ્લાસ્ટિક સામગ્રીમા નહી વેચવા આદેશ કર્યોહતો.

સિયાચીન મુદ્દે ૧૧મી જુને મહત્વપૂર્ણ ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૧

ભારત અને પાકિસ્તાન ૧૧મી અને ૧૨મી જુનના દિવસે સિયાચીન ગ્લેશિયરના પ્રશ્ને વાતચીત કરવા માટે સહમત થઈ ગયા છે. પાકિસ્તાની સેનાના વડા અશ્ફાક પરવેઝ કિયાનીએ તાજેતરમાં જ વિશ્વના સૌથી ઉંચા રણ મેદાન ખાતેથી જવાનોને ખસેડી લેવાના મામલે ભારત સરકાર સાથે વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કિયાનીએ તેમનો અભિપ્રાય

વ્યક્ત કર્યા બાદ હવે બન્ને દેશો વાતચીત કરવા માટે તૈયાર થઈ છે. પાકિસ્તાનના જાણીતા અખબારોને આજે માહિતી આપતા કહ્યું હતું કે સિયાચીન મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંરક્ષણ સચિવ સ્તરની મંત્રણા ૧૧મી અને ૧૨મી જુનના દિવસે યોજાશે. પાકિસ્તાને આગામી સપ્તાહમાં નવી દિલ્હીમાં યોજાનારી સીર ક્રિક મામલે વાતચીત મોકુફ કરી દીધા બાદ આ મુજબની જાહેરાત કરી છે. પાકિસ્તાનની વિદેશ કચેરીએ કહ્યું છે કે રાજદ્વારી ચેનલો મારફતે નવી તારીખ નક્કી કરવામાં આવશે. સિયાચીનના મામલે ફરી ગયા સપ્તાહમાં રાજકીય ચર્ચા જાગી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સાતમી એપ્રિલના દિવસે ગાયત્રી આર્મી બેઝ ખાતે ભેખડ ધસી પડતા પાકિસ્તાનના આશરે ૧૪૦ જવાનોના મોત થયા હતા.

ટપાલ ઓફિસોમાં હવે કુલ ૧૦૦૦ એટીએમ સ્થાપાશે

નવી દિલ્હી, તા.૧૧

ટપાલ વિભાગે ટપાલ ઓફિસોમાં ૧૦૦૦ એટીએમ સ્થાપિત કરવા અને ટપાલ ઓફિસને બેંકોમાં ફેરવી કાઢવાની યોજના બનાવી લીધી છે. દેશના વિશાળ પોસ્ટલ નેટવર્કની સહાયતાથી ગ્રામીણ ક્ષેત્રોમાં બેંકોની સુવિધાથી વંચિત લોકોને મહત્વપૂર્ણ બેંકિંગની સુવિધા મળે તે માટે આ નિર્ણય કરવામા આવ્યો છે. દૂરસંચાર અને માહિતી ટેકનોલોજી પ્રધાન કપિલ સિબ્બલે રાજ્યસભામાં પ્રશ્નકલાક દરમિયાન જણાવ્યુ હતુ દેશમાં ૧૫૪૬૮૮ ટપાલ ઓફિસ છે અને આ વિશાળ ટપાલ નેટવર્ક છે. એક પ્રશ્નના જવાબમા તેમણે કહ્યુ હતુ કે ગ્રામીણ લોકોને તમામ પ્રકારની સુવિધા મળે તે હેતુસર નવી વ્યૂરચના તૈયાર કરવામા આવી રહી છે. ટપાલ

ઓફિસની સંખ્યા કોમ્પ્યૂટરાઈજડ કરવાથી અને બેંકોમા ફેરવી કાઢવાથી બે ગણી થઈ શકે છે. ડી બંધોપાધ્યાયના પ્રશ્નોના જવાબમા તેમણે કહ્યુ હતુ કે ૩૧મી માર્ચના આકડા મુજબ ૨૪૯૬૭ વિભાગીય ટપાલ ઓફિસોને કોમ્પ્યૂટરાઈજડ કરવામા આવી ચુકી છે. સિબ્બલે ટપાલ ઓફિસમા નાણાકીય સેવાઓ આપવાની બાબતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ટપાલ ઓફિસને બેંકોમા ફેરવી કાઢવા માટે રિઝર્વ બેંકને એક આવેદનપત્ર આપવામા આવ્યુ છે તેને અમલી બનાવી દીધા બાદ દેશમા બેંકિગ નેટવર્ક ત્રણ ગણુ થઈ જશે. રાજીવ પ્રતાપ રુડીના એક પ્રશ્નના જવાબમા પ્રધાને કહ્યુ હતુ કે યૂઆઈડીએઆઈને લઈને ચાલી રહેલીસમસ્યાને ઉકેલવામા આવી ચુકી છે. ભારતીય ટપાલથી મોકલવા માટે ૧૨ કરોડ આધાર કાર્ડ બુક કરવામા આવ્યા છે.

પુનઃ વરણી કરાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંતોષકારક નહિ હોવાથી તેના સંચાલકો સામે શરતભંગની કાર્યવાહી કરવા માટેનો પ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજુ થયો હતો.

વોર્ડ નં. ૪ ના શ્રી અશ્વિન વ્યાસે આ પ્રસ્તાવ રજુ કરતાં બસોની બેઠક વ્યવસ્થા સારી નહિ હોવાની, આ બસોના પીક-અપ સ્ટેન્ડ નહિ હોવાની તેમજ અંતરિયાળ વિસ્તારો શહેરના આ બસસેવાથી વંચિત હોવાથી શરતભંગની કાર્યવાહી કરવા તેમજ ડીઝલથી બસસેવાનું સંચાલન કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આજની આ બેઠકમાં શ્રી પ્રવિણ પટેલની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રી પટેલે જણાવ્યું હતું કે લોક સુખાકારીમાં વૃદ્ધિ એ જ અમારૂ લક્ષ્ય છે.

પરમધામ પહોંચ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપણા ગાંધીનગરના જોષી પરિવારમાં ઘટી.

શબ્દની સુગંધને, મર્મની મીઠાશને તથા હૃદયની વાણીને સાચવનાર જોષી પરિવારનો પૂર્ણ ચંદ્ર અચાનક જ કાળની લપેટમાં આવી ગયો. વાત જાણે એમ છે કે, ગાંધીનગરના સેક્ટર-૨ ૪માં આવેલા સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નાયબ અધિક્ષક પ્રવીણચંદ્ર નવીનચંદ્ર જોષી ગત રોજ અમદાવાદ 'સ્પીપા' ઈન્સ્ટીટ્યૂટમાં તાલીમ લેવા જઈ રહ્યા હતા. ઘરેથી વાન લઈને નીકળેલા પ્રવીણચંદ્રને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા ઘ-૫ પાસે ઘડીક ગાડી બંધ કરીને ઊભા રહ્યા..., દુઃખાવો અસહ્ય બનતા તેમણે પોતાની દીકરી મેઘાને ફોન કર્યો 'બેટા મને છાતીમાં દુઃખાવો થયો છે હું ગાડીમાં છું તું આવને !' પિતાની નાદુરસ્તીના સમાચાર સાંભળી દીકરી પોતાના પતિ સાથે તાત્કાલિક ઘ-૫ આવી અને પિતાને હાઈટેક હોસ્પિટલમાં લઈ ગઈ. ઈમરજન્સી સારવાર શક્ય ન બનતા ડોક્ટરે સિવિલ હોસ્પિટલ લઈ જવાની સલાહ આપી. પિતાની વેદના અને સમયને ન રોકી શકનાર દીકરી પિતાને સિવિલ હોસ્પિટલમાં પહોંચાડે તે પહેલાં જ પ્રવીણચંદ્રનો દીવો ઓલવાઈ ગયો. સ્વજનોનો સાથ અને મિત્રોનો સહવાસ ક્ષણવારમાં તોડી જનાર પ્રવીણચંદ્રને નિયતિની ક્રૂરતા ભરખી ગઈ. પરિવારજનો, સ્નેહીજનો તેને જોતા રહ્યા... જોતા રહ્યા... કશું જ ન કરી શક્યા...

છેલ્લા ઘણા વર્ષોથી નાયબ અધિક્ષક તરીકે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નોકરી કરનાર પ્રવીણચંદ્ર જોષીએ ૩૩ વર્ષ સુધી સરકારની સેવા કરી છે. તેઓ સ્વભાવે સરળ, સમજૂ, લાગણીશીલ અને હૃદયની ઊર્મિથી સોને સજાવનાર સ્નેહી હતા. ૫૪ વર્ષના આ સ્નેહીએ પોતાના પરિવાર સાથે જીવનના ઘણા રંગો માણ્યા... પણ આજે કુદરતના કારમા રંગમાં ભળી ગયા, પરિવારના સભ્યોને રોતા-કકળતા મુકી ગયા...

મુદત લંબાવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સત્તા પછી ખેંતી લેવાના કારણે સરકારી કચેરીઓમાં સફાઈ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા માટે આઉટસોર્સમાંથી આ સેવાઓ લેવા અલગ રીતે વિચારણા હાથ ધરવામાં આવી રહી છે.

દરમ્યાનમાં સરકારી કચેરીઓની સફાઈ અને કચેરીઓણાં શૌચાલયોની સફાઈ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા જેવી કામગીરી માટે મુશ્કેલી ન પડે તે માટે વર્ષ ૨૦૧૧માં અંશકાલીન કર્મચારીઓ રાખવા માટે ૨૯-૨-૨૦૧૨ સુધી મંજુરી આપવામાં આવેલ હતી.

આઉટસોર્સથી અંશકાલીનોની ભરતી અંગેની પ્રકિયા પૂર્ણ થયેલ ન હોવાથી આ મુદત લંબાવવાની આવશ્યકતા સરકારને જણાતાં આ મુદત ૩૧-૫-૨૦૧૨ સુધી રાખવાની મંજુરી આપવામાં આવી છે.

આ મુદત સુધી ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય સરકારી કચેરીઓમાં આઉટસોર્સ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને આ કામગીરી ૩૧-૫-૧૨ પહેલા પૂર્ણ કરવાની રહેશે.

બધી કન્ઝ્યુમર ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થવાની શક્યતા

કોલકતા-મુંબઈ,તા.૧૧

ડોલર સામે રૂપિયો ઘટી જતા તમામ કન્ઝ્યુમર ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાની શક્યતા છે. આગામી મહિનાથી કન્ઝ્યુમર પ્રોડકટસ બનાવતી કંપનીઓ કિંમતોમાં વધારો કરે તેવી શક્યતા છે. ટેલિવિઝન, ડિજિટલ કેમેરા, પર્સનલ કોમ્પ્યુટર પણ વધુ મોંઘા થશે. જ્યારે કાર બનાવતી કંપનીઓ અને મોબાઈલ ફોન બનાવતી કંપનીઓ પણ કિમતો વધારવાની તૈયારીમાં છે. રૂપિયામાં ઘટાડો અવિરતપણે જારી રહેતા કન્ઝ્યુમર ચીજવસ્તુઓ વધારે મોંઘી થશે. સેમસંગ, પેનાસોનિક, અકાઈ, બ્લેકબેરી જેવી કન્ઝ્યુમર બનાવતી ચીજવસ્તુઓ કંપનીઓ કિમતમાં વધારો કરશે. રૂપિયો અમેરિકી ડોલર સામે ૫૩.૮૬ની સપાટીએ બુધવારે પહોંચ્યો હતો. જો કે ગુરુવારના દિવસે રૂપિયામાં રિકવરી થઈ હતી. અને તેની સપાટી ૫૩.૪૩ રહી હતી. આજે સવારે રૂપિયામાં ફરી ઘટાડો થયો હતો. માર્કેટ

નિષ્ણાંતોનો મત છે કે રૂપિયો સપ્તાહના ગાળામાં જ ડોલર સામે ૫૫-૫૬ની સપાટીએ ગગડી શકેછે. છેલ્લા બે મહિનામાં રૂપિયો આશરે ૧૦ ટકા સુધી ઘટી ગયો છે. રૂપિયો ૪૯થી ઘટીને ૫૩.૫ની સપાટીએ પહોંચ્યો છે. સેમસંગ, પેનાસિનિક, કેનોન, ડેલ સહિતની કંપનીઓ તેમની પ્રોડક્ટમાં આશરે ૬ ટકા સુધી વધારો કરવાની તૈયારીમાં છે કારણ કે આ પૈકીની મોટાભાગની વસ્તુઓના ખર્ચમાં વધારો થયો છે. કેનોન ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રૂપિયામાં નવેસરથી ઘટાડો થતા ચિંતા દેખાઈ રહી છે. બે મહિનાના ગાળામાં જ બીજી વખત કન્ઝ્યુમર ચીજવસ્તુઓની કિમતમાં વધારો કરાશે. એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યા બાદ કંપનીઓએ હાલમાં જ તેમની પ્રોડક્ટની કિમતમાં ૩-૬ ટકા સુધીનો વધારો કર્યો હતો. કાર કંપનીઓ પણ આવો જ મત ધરાવે છે. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક કંપનીઓ પથી ૬ ટકાનો વધારો કરવા માંગે છે. વેચાણમાં ઘટાડો હોવા છતાં કિમતમાં વધારો કરવામા આવશે. ઈલેક્ટ્રોનિક કંપનીઓ છેલ્લા ૧૫ મહિનાથી ભારે કટોકટીનો સામનો કરી રહી છે. પેનાસોનિક ઈન્ડિયા જુલાઈ મહિનાથી તેની પ્રોડક્ટની કિમતમાં ૩થી ૪ ટકાનો વધારો કરશે. જ્યારે અકાઈ આગામી મહિનાથી ૫ ટકાનો વધારો કરશે. સેમસંગ ઈન્ડિયા પણ વધારો કરવા તૈયાર છે. મોબાઈલ બનાવતી કંપની નોકીયા અને બ્લેકબેરી પણ ભાવમાં વધારો કરવાની તૈયારી બતાવી છે.

બાંગારુ લક્ષ્મણની અરજી ઉપર સીબીઆઈને નોટિસ

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી હાઈકોર્ટે ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ બાંગારુ લક્ષ્મણની અરજી પર સીબીઆઈને આજે નોટિસ ફટકારી હતી. લક્ષ્મણે એમ કહીને નીચલી કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમા પડકાર ફેક્યો હતો કે તેઓ મોટી વયના કારણે ઘણી તકલીફથી પીડઆઈ રહ્યા છે જેથી તેમને જામીન આપી દેવામા આવે તે જરૂરી છે. નીચલી કોર્ટે બાંગારુ લક્ષ્મણને આજીવન કારવાસની સજા ફટકારી છે. જસ્ટિસ મુકતા ગુપ્તાએ ૭૨ વર્ષીય લક્ષ્મણની સજા તાત્કાલિક ધોરણે સ્થગિત કરવાની ઈનકાર કરીને નીચલી કોર્ટના રેકોર્ડ માંગ્યા છે. કોર્ટે સુનવાણીની આગામી તારીખ પાંચમી જુલાઈ સુધી જવાબ આપવા સીબીઆઈને આદેશ કર્યો છે. લક્ષ્મણે આ આધાર ઉપર ચાર વર્ષની કારવાસની સજા તાત્કાલિક ધોરણે સ્થગિત કરવાની માંગણી કરી હતી કે તેઓ મોટી વયના છે સાથે સાથે ઘણી બિમારીઓથી ગ્રસ્ત છે. તેઓ ડાયાબીટીસથી પણ ગ્રસ્ત છે.

ચાણક્યનાં યાદગાર નીતિસૂત્રો (પાના નં. ૪ નું ચાલુ)

ભૂખ વગર ખાશો નહિ; દાન હેસિયત અનુસાર આપવું; જેવા સાથે તેવા; ચુગલીખોરથી ચેતી જજો; નાનકડું વ્યસન મોટાં દુઃખ પેદા કરે છે; અમર છીએ એવું માની ધનની બચત કરવી; ગરીબી એ સાક્ષાત્ મૃત્યુ છે; પારકું ધન સ્વધનને ખાઈ જાય છે; વિદ્યા નિર્ધનનું ધન છે; શત્રુના પણ સદ્‌ગુણ સ્વીકારી લેજો; હમેશાં મર્યાદામાં રહ